(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૪૯૩/૨૦૧૦**
**આંક:– ૩૮**
**શરૂ–૧૨:૩૬, પુર્ણ–૧૨:૪૦**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– પ્રકાશભાઈ | પિતા/પતિનું નામ:– ચુનીભાઈ પરમાર |
| | ઉ.વ.:– ૩૬ |
| ધંધો:– મજુરી | સરનામુ:– સિધ્ધી વિનાયક સોસાયટી, હળવદ, તા.હળવદ જી.મોરબી. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) અમે બે ભાઈઓ અને એક બહેન છીએ જેમા સૌથી મોટો હું છુ. મારા લગ્ન થયેલ ન હતા જેથી મારા માટે મારો પરીવાર દિકરીની શોધમા હતો ત્યાર ેમનીષપ્રશાંતભાઈ રાવલ અમારી પડોશમા રહેતો હોય જેથી તેઓએ મારા પિતાએ કહેલ કે પ્રકાશ માટે મારા ધ્યાનમા એક દિકરી છે જો પ્રકાશની સગાઈ કરવી હોય તો વાત આગળ ચલાવુ, જેથી મારા પિતાએ હા કહેતા મનીષભાઈએ સીધ્ધપુર ગામે રહેતા મંજુલાબેનની દિકરી નીલમ સાથે સગાઈ કરવાની વાત કરેલ અને આ વાત આગળ ચાલતા સગાઈ કરવાનુ નકકી થયેલ અને ત્યારબાદ લગ્ન કરવાનુ નકકી કરેલ અને લગ્ન પેટે રૂા.૯૧,૦૦૦/– અમોએ દિકરીવાળાને આપેલા. ત્યારબાદ મારા લગ્ન થયેલ નહી અને અમોએ કેસ કરેલો. બીજુ કાંઈ બનાવ બાબતે જાણતો નથી. બનાવ અંગે મારા પિતાએ હળવદ પો.સ્ટે.મા પોલીસ ફરીયાદ આપેલી. મનીષભાઈ અમારી પડોશમા રહેતા હોય જેથી તેઓને ઓળખુ છુ. પોલીસે મારુ નીવેદન નોંધેલુ.

હોસ્ટાઈલ:

સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો ન હોય, એ.પી.પી.શ્રીની મૌખીક વીનંતીથી સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી

આપી.

(૨) એ વાત ખરી નથી કે તા.૨૨/૦૭/૨૦૦૯ના રોજના મારા પોલીસ નીવેદનમા મે એવી હકીકત લખાવેલ હતી કે મનીષભાઈ ઉર્ફે મુનો પ્રશાંતભાઈ રાવલ તથા નીલમબેન કાંતીલાલ ચાવડા તથા મંજુલાબેન કાંતીલાલ ચાવડા તથા અમૃતભાઈ ગોવિંદભાઈ રબારી તથા ઈશ્વરભાઈ રબારી તથા નથુભાઈ ભુવા તથા માનાભાઈ રબારીએ અમારા લગ્ન કરાવી આપવાની વાત કરી નીલમ સાથે સગાઈ કરાવી અમારી પાસેથી અલગ અલગ જગ્યાએ રોકડા રૂા.૯૧,૦૦૦/– લઈ જઈ મારા લગ્ન નહી કરાવી આપી અમારી સાથે ઠગાઈ તથા છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરેલ. એ વાત ખરી નથી કે અમારે આરોપીઓ સાથે મનમેળ થઈ ગયેલ હોય આરોપીઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

આરોપીઓ તર્ફે સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ કાર્યવાહી કરેલ હોય ઉલટ તપાસ નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૩૦/૦૩/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*